## જન્મદિને વધામણી



**નિમિષ વ્યાસ**
કારોબારી સભ્ય, ગાંધીનગર કલ્ચરલ ફોરમ, મો. ૯૯૦૯૯ ૪૬૦૬૪



**માધવી નિમિષ વ્યાસ**



**મિત્તલ રાણા**
પૂર્વ ખજાનચી, લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર



**જગદીશભાઈ ડી પટેલ**
મંત્રી, સે. ૫ વસાહત મંડળ
મો. ૯૯૨૪૭ ૫૧૦૩૯



**અજયકુમાર વિષ્ણુભાઈ નાયી**
ન્યૂ એમ્પાયર હેર એન્ડ કેર
મેઘ મલ્હાર, સેક્ટર-૧૧
મો. ૯૭૨૩૮ ૯૪૩૦૬

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

### શ્રી સ્વામીનારાયણ પોલીટૅકનીક ખાતે

# ઍન્જિનીયર દિવસની ઉજવણી કરવામાં આવી



ઍન્જિનીયર દિવસની ઉજવણીના ભાગરૂપે શ્રી સ્વામીનારાયણ પોલીટૅકનીક, સૅક્ટર-૨૨, ગાંધીનગરના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ ઍન્જિનીયરિંગ શોધના મૉડેલ અને પ્રૉજેક્ટ દ્વારા ૨૧મી સદીમાં વિશ્વ સમાજ માટે આધુનિક જીવનને સરળ બનાવતા મૉડેલનું પ્રદર્શન રાખવામાં આવ્યું હતું. આજના ભારતને જરૂરી એવા આધ્યાત્મિક અને આધુનિક સમન્વય કરી ડિજીટલ ઈન્ડિયા, સ્કિલ ઈન્ડિયા, કુશળ ભારત-કૌશલ ભારતનું પ્રધાનમંત્રીનું સ્વપ્ન સાકાર કરવા વિદ્યાર્થીઓને પ્રેરણા આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓ દ્વારા ખાસ કરીને કમ્પ્યુટરનાં સાધનો વડે ગણપતિ, સ્વચ્છ ભારત માટે ઑટોમેટિક ડસ્ટબિન, પર્યાવરણ બચાવવા સોલાર ઉદ્યોગ મોડેલ, ઑટોમેશન દ્વારા પ્રૉડકશન ટ્રાન્સપૉર્ટેશન, ઓછા ઈંધણથી ઑટો ફાયર ઈગ્નિશન સિસ્ટમ, ગ્રીન ટૅકનોલૉજીના ઉપયોગવાળાં ભાવિ મકાનો, ગીચ વિસ્તારોમાંથી ટ્રાફિક સમસ્યાને હલ કરતા ફલાય ઓવર બ્રિજ અને હાઈડ્રોલિક બ્રિજ જેવી કૃતિઓ વિવિધ ડિપાર્ટમૅન્ટના વિદ્યાર્થીઓ અને સ્ટાફ દ્વારા રજૂ કરવામાં આવી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓને નો યોર બ્રાન્ચ, ટૅકનીકલ ટ્રૅઝર હન્ટ, ફન ગેમ, મૅમરી ગેમ જેવી વિવિધ રમતો દ્વારા મનોરંજન પૂરું પાડવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સંસ્થાના ટ્રસ્ટી અક્ષરપ્રકાશ સ્વામી, પ્રિન્સિપાલ ધર્મેશ વન્ડરા, ઍકેડેમિક ડિરેક્ટર ભાવિક શાહ દવારા પ્રૉજેક્ટ નિહાળીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# ઉદયભાણસિંહજી ઈન્સ્ટીટ્યુટ ખાતે હિન્દી દિન - પખવાડિયાની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૬

ઉદયભાણસિંહજી રિજનલ ઈન્સ્ટીટ્યુટ ઑફ કો-ઓપરેટીવ મેનેજમેન્ટ, સૅકટર-૩૦, ગાંધીનગર ખાતે હિન્દી દિવસ અને હિન્દી પખવાડિયાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉજવણીના આરંભે ઉદ્‌ઘાટન સમારોહમાં સંસ્થાના ડિરેક્ટર વિનોદકુમાર પાંડેય અને રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલય સંસ્થાન, ગાંધીનગરના ડૉ. રાજીવ પ્રસાદ ઉપસ્થિત રહ્યા હતા.

વિનોદકુમાર પાંડે દ્વારા હિન્દી દિવસ, હિન્દી પખવાડિયા અંતર્ગત સંસ્થામાં આયોજિત વિવિધ સ્પર્ધાઓની માહિતી આપવામાં આવી હતી. અંતે, ઍચડીસીઍમ કોર્સ કો-ઓર્ડિનેટર સી આર જાની દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

# ૭૨૭૫ ક્લાર્ક માટે ભરતી બહાર પડી, ૧૯ બેન્કોમાં અપાશે નિમણૂંક

ગાંધીનગર, તા. ૧૬

ઈન્ડિયન બેન્કિંગ એન્ડ પર્સનલ સિલેક્શને ૭૨૭૫ ક્લાર્કની ભરતી માટેનું નોટિફિકેશન જારી કર્યું છે. ઈન્ડિયન બેન્કિંગ એન્ડ પર્સનલ સિલેક્શન ક્લાર્ક માટેની અરજી પ્રક્રિયા ૧૮ સપ્ટેમ્બર ૨૦૧૮થી શરૂ કરશે. ઉમેદવાર અધિકૃત વેબસાઈટ પર જઈને ૧૦ ઓક્ટોબર ૨૦૧૮ સુધી અરજી કરી શકશે. આ પોસ્ટ માટે ઉમેદવારે ગ્રેજ્યુએશન કરેલું હોવું જરૂરી છે.

ઈન્ડિયન બેન્કિંગ એન્ડ પર્સનલ સિલેક્શને ૧૯ જેટલી બેન્કિંગમાં ક્લાર્કની ભરતી કરવા માટે અરજીઓ મંગાવી છે. ઈન્ડિયન બેન્કિંગ એન્ડ પર્સનલ સિલેક્શનની પરીક્ષા પાસ કર્યા બાદ પસંદગી પામનાર ઉમેદવારોને અલ્હાબાદ બેન્ક, આંધ્ર બેન્ક, બેન્ક ઓફ બરોડા, બેન્ક ઓફ ઈન્ડિયા, કેનેરા બેન્ક, બેન્ક ઓફ મહારાષ્ટ્ર, સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડિયા, દેના બેન્ક, ઈન્ડિયન બેન્ક, ઈન્ડિયન ઓવરસિસ બેન્ક, ઓરિએન્ટલ બેન્ક ઓફ કોમર્સ, પંજાબ એન્ડ સિન્ધ બેન્ક, સિન્ડિકેટ બેન્ક, યુકો બેન્ક, યુનિયન બેન્ક ઓફ ઈન્ડિયા, યુનાઈટેડ બેન્ક ઓફ ઈન્ડિયા, વિજયા બેન્કમાં નિમણૂંક આપવામાં આવશે.

# ૧૦૨ વર્ષનાં ભારતીય દાદી બન્યાં વર્લ્ડ એથલીટ ચેમ્પિયન

### સ્પર્ધા ૩ મિનિટ અને ૧૪ સેકન્ડમાં પુરી કરી

ગાંધીનગર, તા. ૧૬

પંજાબના ૧૦૨ વર્ષના મન કૌરે વર્લ્ડ એથલીટ ચેમ્પિયનશિપની ૨૦૦મી દોડની સ્પર્ધામાં ગોલ્ડ મેડલ જીત્યો છે. તેમણે સ્પેનમાં આયોજિત વર્લ્ડ માસ્ટર્સ એથલીટ ચેમ્પિયનશિપમાં આ સિદ્ધિ મેળવી છે. આટલી ઉંમરે પણ ગોલ્ડ મેડલ જીતવાના કારણે તેઓ શુક્રવારે ટ્વીટર પર છવાઈ ગયાં છે અને લોકો ટ્વીટ કરીને તેમને અભિનંદન પાઠવી રહ્યા છે.

વૃદ્ધાવસ્થામાં પહોંચ્યા બાદ વડીલો મોટાભાગે નજીકના પાર્કમાં કે સડક પર ચાલતા જોવા મળતા હોય છે, ત્યારે પંજાબનાં ૧૦૨ વર્ષના મન કૌર આ ઉંમરે પણ થાકતા નથી અને દોડની સ્પર્ધાઓમાં પણ ભાગ લે છે. મન કોરે આ સ્પર્ધા ૩ મિનિટ અને ૧૪ સેકન્ડમાં પુરી કરી હતી. મોડલ, અભિનેતા અને એથલીટ મિલિંદ સોમણે પણ તેમની આ સફળતા પર વિશેષ ટ્વીટ કરી હતી.

વર્લ્ડ માસ્ટર્સ ગેમમાં પણ ટોચનું સ્થાન મેળવ્યું હતું. ગયા વર્ષે ન્યૂઝિલેન્ડના ઓકલેન્ડમાં યોજાયેલી વર્લ્ડ માસ્ટર્સ ગેમ દરમિયાન પણ તેઓ ૧૦૦ મીટરની દોડમાં ટોચનાં સ્થાને રહ્યાં હતાં. તેમનો ગોલ્ડ જીતવાનો સિલસિલો હજુ અટક્યો નથી.

પંજાબનાં પટિયાલામાં રહેતાં મન કૌરે એથલીટ સ્પર્ધાઓમાં ભાગ લેવાની શરૂઆત ૯૩ વર્ષની વયે કરી હતી, જે ઉંમરે મોટાભાગની મહિલાઓ ખાટલામાં બેસીને છોકરાઓને રમાડતી હોય છે. કૌર પોતાના દિવસની શરૂઆત સવારે ૪ વાગ્યાથી કરે છે. જેમાં તેઓ સતત દોડવાનો અને પગે ચાલવાની પ્રેક્ટિસ કરે છે.

# એસ. વી. શાળામાં ઉજવાયો હેલ્પર્સ ડે



ગાંધીનગર, તા. ૧૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત એસ. વી. ઈંગ્લિશ મીડિયમ પ્રી-સ્કૂલમાં હેલ્પર્સ ડે ઉજવવામાં આવ્યો હતો. બાળકો ડોકટર્સ, ટીચર્સ, ટ્રાફિક પોલિસ, પોલિસમેન,વાયરમેન, દૂધવાળો, કરિયાણાવાળા વગેરે વ્યવસાયને અનુરૂપ વસ્ત્રો પરિધાન કરી, સાથે જરૂરી સામગ્રી લઈને શાળામાં આવ્યા હતા. પ્રિન્સિપાલ જીજ્ઞા દર્પણ બુચે પોતાની અનોખી અને રસમય શૈલીમાં,વિવિધ સ્ટોરીની મદદથી બાળકોને હેલ્પર્સ વિષે માહિતી આપી, તેમનું સન્માન કરવાની પ્રેરણા આપી હતી. બાળકોએ પણ અત્યંત રસપૂર્વક કાર્યક્રમ માણી, શાળાના વાતાવરણને આનંદ અને મસ્તીથી છલકાવી દીધું હતું. વાલીઓએ બાળકોને વિવિધ હેલ્પર્સના સ્વાંગમાં મોકલી, ઉત્સાહથી પોતાનો સહયોગ આપ્યો હતો.બાળકો સમાજના વિવિધ હેલ્પર્સ વિષે જાણકારી મેળવે, સમાજમાં તેમણે આપેલા યોગદાનનું મહત્વ સમજે તથા તેમના પ્રત્યે માનની દ્રષ્ટિ કેળવે તે હેતુથી આ કાર્યક્રમ શાળાના ઉત્સાહી શિક્ષિકા સંજુ પટેલના માર્ગદર્શન નીચે તૈયાર કરવામાં આવ્યો હતો.

# રાધા : ગુણ પ્રમાણે નામ



ગુલાબનાં પુષ્પોની ગરિમા, મોગરાની મ્હેંક જેવો મહિમા, પારિજાતનાં નિર્મળ પુષ્પોની કોમળતા, સૂર્યમુખી સમાન પ્રતિભા, રાતરાણીનેય ટક્કર માટે તેવો ઠસ્સો, ગુલમહોર જેવી અદ્‌ભૂત લાલિમા, ગરમાળાનાં પુષ્પો જેવી કનકવર્ણી કાયા, અદ્દલ લજામણીના છોડ જેવા રીસામણાં, ચમેલી જેવી ચંચળતા, સુવાસ પ્રસરાવતાં સર્વ પુષ્પોની સુગંધનો સરવાળો કરો એવી પ્રેમની સુવાસ પ્રસરાવતું એક પુષ્પ ભારતવર્ષમાં ખીલી ઉઠ્યું. એ પવિત્ર પાવન પ્રેમના પર્યાય સમાન પુષ્પનું નમણું નામ છે : રાધા.

રાધાનો જન્મ ઉત્તર પ્રદેશના બરસાના ગામે ભાદરવા સુદ આઠમે જ્યોષ્ઠા નક્ષત્રના ચોથા ચરણમાં થયો હતો. દાદાનું નામ સૂરભાનુ-દાદીનું નામ પદ્માવતી હતું. રાધાના પિતાનું નામ વૃષભાનુ હતું, જે જશોદાજીના સગા ભાઈ હતા. માતાનું નામ કલાવતી હતું. રાધાના પતિનું નામ રાયકા (રાયણ) હતું. રાધા શબ્દ સંસ્કૃતના મૂળ ધાતુ રાધ્ ઉપરથી બન્યો છે. રાધ્ એટલે આનંદ આપવો અને રાધા એટલે આનંદ આપનાર. નામ પ્રમાણે ગુણ અને ગુણ પ્રમાણે નામ, જાણે કે સોનામાં સુગંધ ભળી.

રાધાનો સૌપ્રથમ ઉલ્લેખ બ્રહ્મવૈવર્ત પુરાણમાં છે. શ્રીમદ્ ભાગવતમાં પણ ઘણાં વર્ણનો છે. હરિવંશ પુરાણના વિષ્ણુપર્વના અધ્યાય ૨૦ના સર્ગ ૧૫થી ૩૫માં રાસલીલા હિલોળા લે છે. અહીં રાધા આત્મા છે, શ્રીકૃષ્ણ પરમાત્મા છે. અદ્વૈતનું મિલન છે. ખુદ બ્રહ્માજીએ ભાંડીરવનમાં શ્રીકૃષ્ણને હાથોહાથ રાધા સોંપ્યાની પણ કથા છે. એ લક્ષ્મીજીનાં કે ભક્તિનાં અવતાર હતાં એવું પણ કહેવાય છે. પુષ્પ અને સુવાસની જેમ રાધાકૃષ્ણ પ્રચ્છન્ન હતાં.

આઠ પટરાણીઓ હોવા છતાં પણ કૃષ્ણની આગળ રાધા શબ્દનું જોડાણ એ પ્રેમના ખેડાણનો પુરાવો છે. અગિયાર વર્ષ બાવન દિવસ શ્રીકૃષ્ણ ગોકુળમાં રહ્યા પણ રાધા-ગોપીઓને જે પ્રેમ પ્રદાન કર્યો છે તેનાં ગીતો આજે પણ આપણે સૌ ગાયા વગર રહી શકતાં નથી.

અંતમાં, રાધાનાં આ સોળ નામોનું સ્મરણ કરી પ્રેમ શબ્દનો પનો પામીએ. આરમ્યા, ઈશ્વરી, પૂર્ણા, પરમેશ્વરી, મુક્તિપ્રદા, રમા, રમ્યા, રાધા, રાદિકા, રસેશ્વરી, લક્ષ્મણી, વિનાશિની, વૃંદાવન-વિહારિણી, સત્યભામા, સર્વવંદના અને શ્રીકૃષ્ણવલ્લભા. વૃંદાવનમાં રાધાની યાદમાં જે પીઠમંદિર રચાયું છે તે આજે પણ મોજૂદ છે, જે પ્રેમતીર્થ બન્યું છે. તે આજે પણ સૌને શીતળતામાં સ્નેહની સરિતા બની સ્નાન કરાવે છે. આપણે પણ રાધાકૃષ્ણમય બનીએ.

રાધા કોઈ મળે ન મળે, ના મળે ભલે,
એ આપણી ફરજ છે કે વેણુ વગાડીએ

**- પી એમ પરમાર**

# મોબાઈલ ફોનના ભાવમાં ૧૦ ટકા સુધીનો વધારો થવાની શક્યતા

### આ મહિનાના અંત સુધીમાં અથવા તો આવતા મહિનામાં મોબાઈલ ફોનના ભાવમાં વધારો થશે

ગાંધીનગર, તા. ૧૬

જો તમે દીવાળી પર નવો મોબાઈલ ફોન ખરીદવાનો વિચાર કરી રહ્યા છો તો થોડો વહેલા ખરીદી લો. કારણ કે આવતા મહીનાથી મોબાઈલ ફોન ઓછામા ઓછા ૧૦ ટકા સુધી મોંઘા થવા જઈ રહ્યા છે. ઓછા ભાવના સ્માર્ટ ફોન અને ફીચર ફોનના ભાવ ૧૨ ટકા સુધી વધી શકે છે. મોબાઈલ ફોન કંપનીઓ ઓક્ટોબરથી મોબાઈલ ફોનની કીંમત વધારવા જઈ રહી છે. ડોલરના મુકાબલે રુપીયાના મૂલ્યમાં જે ઘટાડો થયો છે તેના કારણે મોબાઈલ નિર્માતા કંપનીઓનો પ્રોડક્શન ખર્ચ સતત વધી રહ્યો છે.

પ્રાપ્ત થતી વિગતો અનુસાર ડોલરના મુકાબલે રુપિયાના મુલ્યમાં જે ઘટાડો થયો છે તેનાથી પ્રોડક્શન ખર્ચમાં વધારો થયો છે. અને એટલા માટે જ આ મહિનાના અંત સુધીમાં અથવા તો આવતા મહિનાની શરુઆતમાં મોબાઈલ ફોનના ભાવમાં વધારો થશે. ઉલ્લેખનીય છે કે ડોલરના મુકાબલે રુપિયાના મૂલ્યમાં ઘટાડો થયો છે એક મહિના પહેલા ડોલરનું મુલ્ય ૬૫ રુપિયા આસપાસ હતું જે અત્યારે વધીને ૭૨ની પાર થઈ ગયો છે. મોબાઈલ ફોન બનાવવા માટેના કેટલાક પાર્ટ્સ ઈમ્પોર્ટ કરવા પડે છે. અને ડોલરની સરખામણીએ રુપિયાના મુલ્યમાં ઘટાડો થયો છે તેના કારણે ઈમ્પોર્ટ થનારા પાર્ટ્સ માટે કંપનીને વધારે પૈસા ખર્ચ થાય છે. મોબાઈલ કંપનીઓ અનુસાર પ્રોડક્શન ખર્ચ જે વધ્યો છે તેને ગ્રાહકોને જ પાસ ઓન કરવો પડશે આમ છતા અમારો પ્રયત્ન હશે કે ગ્રાહકોને ઓછામાં ઓછો બોજ ઉઠાવવો પડે.

# કેએસવી ફેકલ્ટી ઑફ ઍજ્યુકેશન દ્વારા શ્રી ગણેશ મહોત્સવની ઉજવણી કરાઈ



કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ઍસ ઍસ પટેલ કૉલેજ ઑફ ઍજ્યુકેશન, આર ઍચ પટેલ ઈંગ્લિશ મીડિયમ બીઍડ કૉલેજ અને વકીલ શ્રી ડી ઍચ પટેલ ડિપાર્ટમૅન્ટ ઑફ ઍજ્યુકેશન દ્વારા તાલીમાર્થીઓને શ્રી ગણેશ મહોત્સવના આધ્યાત્મિક પર્વનો ખ્યાલ સ્પષ્ટ થાય તે હેતુથી શ્રી ગણેશ મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. મહોત્સવને અનુરૂપ પ્રાર્થના, ગરબા તેમજ મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. ફૅકલ્ટી ઑફ ઍજ્યુકેશનનાં ડીન પ્રૉ. પ્રવીણાબેન પટેલ, ડૉ. જિજ્ઞાસાબેન જોશી, ડૉ. કુસુમબેન યાદવ અને અધ્યાપકો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

# અમેરિકી સંસદમાં ઍચવન-બી વિઝા ધારકોને નોકરી બદલવાની છૂટ અંગેનું વિધેયક રજૂ

### ઉચ્ચ શિક્ષણવાળા કાર્યબળ માટે વિઝા પ્રણાલીમાં સુધારની વાત

ગાંધીનગર, તા. ૧૬

ઍચવન-બી વિઝા ધારકોને નોકરી બદલવાની છુટ પર અમેરિકી સંસદમાં લવાયું વિધેયક ભારતીય મૂળના અમેરિકી સાંસદ રાજા કૃષ્ણમૂર્તિએ અમેરિકી સંસદમાં એક વિધેયક રજુ કર્યું

ભારતીય મૂળના અમેરિકી સાંસદ રાજા કૃષ્ણમૂર્તિએ અમેરિકી સંસદમાં એક વિધેયક રજુ કર્યું છે. આ વિધેયકનો ઉદેશ્ય એચ-૧બી કર્મચારીઓને નોકરી બદલવાના મામલામાં છુટ આપવી અને પેન્ડીંગ ગ્રીન કાર્ડ અરજીઓનો જલદીથી નિવેડો લાવવાનો છે. આ બિલમાં અમેરિકામાંથી માસ્ટર્સ ડિગ્રી કે ઉચ્ચ શિક્ષા મેળવનારને આપવામાં આવનાર એચ-૧ બી વિઝાની વાર્ષિક સીમા ૨૦ હજારથી વધારવાની પણ જોગવાઈ છે.

ડેમોક્રેટિક સાંસદ કૃષ્ણમૂર્તિએ ગુરુવારે સંસદના નીચલા સદન પ્રતિનિધિ સભામાં એચ આર ૬૭૯૪ ઈમીગ્રેશન ઈનોવેશન એક્ટ ઓફ ૨૦૧૮-રજુ કર્યુ હતું. રિપબ્લિકન પાર્ટીના સાંસદ માઈક કોફમેને પણ તેનું સમર્થન કર્યું છે. બંને સાસંદોનું કહેવું છે કે કાયદો બની જવાથી એચ-૧બી વર્ક વિઝામાં સુધાર થવાની સાથે સરળ બની જશે.

જો આ વિધેયક પસાર થાય અને રાષ્ટ્રપતિ તેના ઉપર સિગ્નેચર કરે તો ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કર્મચારી માટે વિઝા કાર્યક્રમ એચ-બી વ્યવસ્થામાં સુધારો લાવશે અને તેને વ્યવસ્થિત બનાવશે. સાથે તેમાં ઘરેલું કાર્યક્રમમાં કૌશલ વિકાસ માટે અમેરિકામાં વિદ્યાર્થીઓ માટે વિજ્ઞા, અન્જીનિયરિંગ અને ગણિતમાં નિવેશ વધારવાની વાત કરવામાં આવી છે.

ડેમોક્રેટ પાર્ટીના સાંસદ કૃષ્ણમૂર્તિએ કહ્યું હતું કે ઘરેલુ કાર્યબળના કૌશલ વિકાસ માટે વિધેયકમાં આપણી શિક્ષા પ્રણાલીમાં રોકાણ વધારવાની વાત કરવામાં આવી છે. આ સિવાય ઉચ્ચ શિક્ષણવાળા કાર્યબળ માટે વિઝા પ્રણાલીમાં સુધારની વાત છે.

# રેલવે દ્વારા પ્રવાસીઓને મળશે સૌથી મોટી ગિફ્ટ : મળશે ૫૦ ટકા ડિસ્કાઉન્ટ..!!

ગાંધીનગર, તા. ૧૬

ભારતીય રેલવે પ્રવાસીઓ માટે સારા સમાચાર લઈને આવી રહ્યું છે. હવે રેલ્વે ટ્રેનોમાં થતા ફ્લેક્સી ભાડાને પાછા ખેંચવાની તૈયારી કરી રહી છે. આશરે ૪૦ ટ્રેનોમાં ગતિશીલ ભાવોના અમલીકરણને કારણે, ઘણી વાર તે કરવામાં આવતું હતું કારણ કે આ ટ્રેનોમાં મુસાફરોને વિમાન કરતાં વધુ ચૂકવણી કરવી પડતી હતી. પરંતુ રેલવેના નિર્ણય પછી મુસાફરોને મોટી રાહત મળી છે અને આ ટ્રેનોમાંથી ફલેક્સી પાછી ખેંચી લેવામાં આવી રહી છે. ટ્રાવેલર્સને આ ઉપરાંત ૧૦૨ ટ્રેનો પણ મળશે, સિવાય ક, પસંદ કરેલ ૧૦૨ ટ્રેનોમાં પ્રવાસ કરતા મુસાફરોને બુકિંગના સમયે લગભગ ટિકિટના ૫૦ ટકા ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. આ ટ્રેનો પર બુકિંગ વખતે ટિકિટ પર મુસાફરોને ૫૦% નું ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.

૧૦૨ ટ્રેનોમાં યાત્રીઓને લાભ મળશે. આના સિવાય રેલ્વે પસંદ કરાયેલ ૧૦૨ ટ્રેનોના મુસાફરોને ટિકિટમાં લગભગ ૫૦ ટકા જેટલી છુટ(ડિસ્કાઉન્ટ) આપશે. આફરી સમયે આ ટ્રેનોના બુકીંગ પર મુસાફરોને ૫૦ ટકા સુધી છુટ મળશે. જો મુસાફરો ટ્રેન રવાના થવાના ચાર દિવસ પહેલા ટિકિટ બુક કરે છે, તો મુસાફરોને ૫૦ ટકા ડિસ્કાઉન્ટ મળશે. તે સાથે જે ટ્રેનમાં ૬૦ ટકા બેઠકો ખાલી રહે છે, તેમાં મુસાફરોની સંખ્યા વધારવા માટે રેલ્વે ગ્રેડિંગ સિસ્ટમની શરૂઆત કરવા જઈ રહી છે.

ગ્રેડિંગ સિસ્ટમથી ૨૦ ટકા છુટ મળશે. આ ગ્રેડિંગ સિસ્ટમ મુજબ, મુસાફરોને ૨૦ ટકા છુટ મળશે. આ સ્કિમને ૪૪ રાજધાની, ૫૨ શતાબ્દી ટ્રેનમાં અમલ કરવામાં આવશે. આ બધી જ ટ્રેન મિનિમમ કલાસની સુપરફાસ્ટ છે. રાજધાની અને શતાબ્દી ટ્રેનના બધા જ ડબ્બાઓ એસી કોચ છે, જયારે દુરંતોમાં એસી અને નોન-એસી બંન્ને ડબ્બાઓ લગાવવામાં આવેલ છે. સુત્રોના જણાવ્યા અનુસાર, જે ટ્રેનોમાં ફલેકસી ટિકિટ સિસ્ટમના ૫૦ ટકા લાભ મળતો નથી તેમાં આ સિસ્ટમને દુર કરી દેવામાં આવશે. તમને જણાવી જઈએ કે, ફલેકસી ફેયરની વ્યવસ્થાને મુસાફરોને આકર્ષવા માટે અને નફામાં વૃદ્ધિ કરવા માટે શરૂ કરવામાં આવી છે.